# વ્યક્તિત્વનો વિકાસ

વ્યક્તિ દરેક હોય છે. વ્યક્તિ એ જન્મ પછી દરેકનો જન્મસિધ્ધ અધિકાર છે. પરંતુ વ્યક્તિત્વને ખીલવું, વ્યક્તિત્વનો વિકાસ કરવો એ આપણો પુરૂષાર્થ છે. વ્યક્તિમાંથી વ્યક્તિત્વ બનાવવું એ જીવનની મોટામાં મોટી સિધ્ધિ છે.

ધર્મ એ વ્યક્તિમાંથી વ્યક્તિત્વને ખીલવવાનું સાધન છે. ધર્મ જીવનમાં મૂલ્યો થકી ચારિત્રનું નિર્માણ કરવામાં મદદરૂપ છે. પરંતુ એ ભૂલવું ન જોઈએ કે ધર્મ એ અંતિમચરણ નથી, ધર્મ સાધન છે પરંતુ સાધ્ય નથી. આપણા જીવનનું સાધ્ય છેઃ જીવનને ઉજાગર કરવું, જીવનને પ્રેમ, કરૂણા અને પ્રસન્નમય બનાવવાનું, જીવનને ઉજાગર કરવાનું. માટે જ કહેવાય છે કે મનુષ્ય માટે ધર્મ છે, ધર્મ માટે મનુષ્ય નથી.

દાન એક સાધન છે, પૈસાનો મોહ ઓછો કરવાનું. તપશ્ચર્યા એક સાધન છે, પૈસા અને પદાર્થનો મોહ ઓછો કરવાનું. ઉપવાસ, વ્રત, સામાયિક, પ્રતિક્રમણ વગેરે સાધનો છે જીવનને સુંદર, સરળ, સમભાવમય બનાવવા માટે. જીવનમાં ખીલવું અને ખીલવવું, મહેકવું અને મહેકાવવું એ સાધ્ય છે. કમનસીબે આપણે ધર્મને સાધનને બદલે સાધ્ય માનવા લાગ્યા છીએ અને એને કારણે તપશ્ચર્યા અને કર્મકાંડોના શિકાર બની ગયા છીએ. આજનો ધર્મ મહાવીર-બુધ્ધથી ઘણો વિમુખ થઈ ગયો છે. અનેક ભ્રમણાઓ આપણા ચિત્તમાં ઘર કરી ગઈ છે. આપણે પરિપક્વતા ગુમાવી રહ્યા છીએ. પરિપક્વતા એટલે મૃદુતા અને નહીં કે જડતા.

વ્યક્તિત્વના વિકાસ વિવિધ પગથિયા છે. ઘણાને સખત મહેનત કરવી પડે છે અને ઘણા નસીબવાળા જન્મથી જ અમુક સંસ્કારો લઈને આવે છે જેને કારણે ઓછી મહેનતે એમના જીવનમાં સુખ અને સંતોષ હોય છે, સરળતા, સહજતા અને સમભાવ હોય છે.

કોઈ વ્યક્તિનું પેટ કરોડો રૂપિયાથી પણ ભરાતું નથી અને કોઈ વ્યક્તિનો સંતોષ એના મુખારવિંદ પર નિરખાઈ આવે છે. એક ગરીબ 10-12 વર્ષની દીકરી રસ્તા પર સિગ્નલ પાસે ફુલોનો ગુલદસ્તો વેચી રહી હતી. આવતી જતી દરેક ગાડી પાસે દોડી, વિનંતી કરતી કે 200 રૂપિયામાં આ ગુલદસ્તો લઈ લો. મા-

સ્વામીએ આપેલ શીખ પ્રમાણે મેં ગાડીની બારીનો કાચ ખોલી એના હાથમાં 500 રૂપિયા પ્રેમથી આપ્યા. સિગ્નલ ચાલું થતાં ગાડી ચાલુ થઈ, એ રસ્તા પર પાછળ દોડવા લાગી. મેં ડ્રાયવરને ગાડી આગળ લઈ ઊભી રાખવા કહ્યું. એ દોડીને પાછળ આવી. સાહેબ, આ ફુલોનો ગુલદસ્તો મારા તરફથી આપને ભેટ. એ 500 રૂપિયા અને ફુલોનો ગુલદસ્તો બન્ને રાખી શકે તેમ હતી. મે. 500 રૂપિયા ભેટ આપ્યા છતાં એની માનસિકતા જુદી હતી. એ ગરીબ જરૂર હતી, એને પૈસાની જરૂર હતી, પરંતુ એનામાં પ્રેમ હતો, ખમીરી હતી અને મારા શબ્દોમાં કહું તો એના હ્રદયમાં અને મનમાં સાચો ધર્મ હતો. આવા વ્યક્તિઓને બહુ ધર્મ કરવાની જરૂર નથી હોતી. તેઓ જન્મથી જ ધર્મના સંસ્કાર લઈને આવેલા હોય છે, તેમનું જીવન ધર્મમય હોય છે.

ધર્મ કરવો- માળા ગણવી, સામાયિક કરવું, ઉપાશ્રય જવું, મંદિર જવું, પૂજા કરવી વગેરે બધી ક્રિયાઓ છે, પ્રાથમિક ચરણ છે. પરંતુ ધાર્મિકતા છે ક્રોધ ન કરવો, લોભ ન કરવો, અહંકાર ન કરવો, માયા-પ્રપંચ ન કરવી વગેરે વગેરે જરૂરી છે, જાણવું જરૂરી છે કે જીવન શું છે ? જીવન શા માટે છે ? જીવનનો ઉદ્દેશ્ય શું છે ? ધર્મ શું છે ? અને ધર્મ શા માટે છે ? આ સીધા- સાદા પ્રશ્નોના જો જવાબ મળી જાય, જીવનમાં સમજ આવી જાય તો આપણું જીવન સુખ- શાંતિ, પ્રસન્નતામય બની જાય. જીવનમાં જરૂરી છે વિવેકની, જરૂરી છે પ્રજ્ઞાની. ધર્મના સાધન થકી આ સાધ્ય સુધી પહોંચવું મુશ્કેલ જરૂર છે, અસંભવ નથી. માટે જ કહેવાય છે કે ધર્મ મનુષ્ય માટે છે, મનુષ્ય ધર્મ માટે નથી.